## જોબનિયું આજ આજ આવ્યું

(ફિલ્મઃ શેતલને કાંઠે)

જોબનિયું આજ આવ્યું ને કાલે જાશે,
જોબનિયું કાલ જાતું રહેશે...
હે! જોબન જાતાં જાણીયું ને વહેલી કરૂં હું વાત,
હે! પાઘડીમાં રાખું જોબનિયું વારે તે વારે કાઢું હું,
જોબનિયાને પાઘડીના આંટામાં રાખો...       જોબનિયું.
જોબનિયું જોયું મેં પાઘડીને છેડે,
જોબનિયું જોયું મેં પાતળી કેડે,
જોબનિયું આંખ્યું માં આંખ્યું ને તેડે,
જોબનિયું જોયું મેં આંગળીના વેઢે.
જોબનિયાને (ર) આંખ્યુંના ઉલારામાં રાખો...જોબનિયું.
હે! મચકે પગલાં માંડતી ને લચકે પીઠનો લંક,
હે! સલજ હાથ સુંદરી દાડમ કળી ડમકે.
જોબનિયું હાથની હથેલીમાં રાખો.
જોબનિયું જોયું મેં વરણાગી વેષે....       જોબનિયું.
જોબનિયું જોયું મેં વાંકડીયા કેશે,
જોબનિયું જોયું મેં પાનીની ઠેશે,
જોબનિયું છાનું રાખો તોય એ ના રહેશે,
જોબનિયાને પગની પાનીયુમાં રાખો,
જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે.